# પુનરાવર્તન 2 (એકમ 1થી 12)

**ચાલો, ફરીથી યાદ કરી લઈએ :**

- સોલંકીયુગમાં ગુજરાતની જાહોજલાલી હતી ?
- જો ખેતી કરવામાં ના આવે, તો...
- અભયારણ્યો શા માટે બનાવવામાં આવે છે ?
- શેરશાહની મહેસૂલ પદ્ધતિ અકબરે શા માટે અપનાવી હતી ?
- મુઘલ શાસનનો અંત કયાં કારણોસર થયો ?
- બજારમાં તમામ ગ્રાહકો જો બિલ વગર ખરીદી કરે તો ?
- સ્થાપત્યોનું ઐતિહાસિક મહત્ત્વ શું છે ?
- ભારતીય લોકજીવનમાં આહાર-પોષાકમાં ભિન્નતા શા માટે છે ?
- જાહેર મિલકતનું નુકસાન એ આપણું જ નુકસાન છે... કેમ ?
- સમાજઘડતરમાં ધાર્મિક જાગૃતિ કઈ રીતે ઉપયોગી થઈ ?

**ચાલો જાતે કરીએ :**

- ગુજરાતની વિરલ નારીઓ વિશે માહિતીઅંક બનાવો.
- બંગાળાની ખાડીને મળતી નદીઓ વિશે માહિતી મેળવો.
- લોક-અદાલત વિષયક માહિતી એકત્ર કરો.
- મુઘલ સમય સંબંધિત ફિલ્મ મેળવીને જોવી અને નોંધવી.
- વેપારીએ તમને આપેલ બિલની વિગતો ચકાસો અને નોંધો.
- તમે કરેલા પ્રવાસની વિગતો નોંધો.
- ટેલિવિઝનમાં જુદા-જુદા પ્રદેશનાં નૃત્યો નિહાળી નોંધો.
- તમારા ગામની જાહેર મિલકતમાં કઈ બાબતોની જાળવણી કરવા જેવી છે તે નોંધો.
- નરસિંહ મહેતાનાં પદો અને કબીરના દોહા મેળવીને નોંધપોથી બનાવો.
- ઉત્તર અમેરિકા, દક્ષિણ અમેરિકા અને યુરોપની વધુ માહિતી ઈન્ટરનેટની મદદથી મેળવી નોંધો.

**ચાલો ફરીથી યાદ કરીએ :**

- ‘સિદ્ધહેમ શબ્દાનુશાસન’ વ્યાકરણગ્રંથ
- કુદરતી સંસાધન

- વડી અદાલત
- મુઘલયુગીન શાસનવ્યવસ્થા
- એક ગ્રાહક તરીકે આપણી જાગૃતિ
- મધ્યકાલીન સ્થાપત્યો : પરિચય, વિશેષતાઓ
- આપણા ભારતનું લોકજીવન
- જાહેર મિલકત અને તેની જાળવણી
- મધ્યકાલીન ભારતમાં ધાર્મિક જાગૃતિ
- ઉત્તર અમેરિકા, દક્ષિણ અમેરિકા અને યુરોપની વિશેષતાઓ

**ચાલો સમજીએ :**

- અકબર ધર્મસભા શા માટે ભરતો હતો ?
- ભારતમાં દરેક સ્થળે તાપમાન એકસરખું કેમ નથી હોતું ?
- અદાલતનાં કાર્યો જણાવો.
- મુઘલ શાસન દરમિયાન સ્થાપત્યની દૃષ્ટિએ કયા શાસકનો યુગ ‘સુવર્ણયુગ’ ગણી શકાય ? શા માટે ?
- ગ્રાહકના અધિકારો કયા-કયા છે ?
- મધ્યકાલીન સ્થાપત્યોની વિશેષતાઓ કઈ-કઈ છે ?
- ભારતીય લોકજીવનમાં વિવિધતા શા માટે છે ?
- આપણે જાહેર મિલકતની જાળવણી શા માટે કરવી જોઈએ ?
- ધાર્મિક જાગૃતિની જરૂરિયાત શા માટે ઊભી થઈ ?
- દરેક ભૂમિખંડો એકબીજાથી કઈ રીતે જુદા પડે છે ?

• • •

## મારી નોંધ :

મારી નોંધ :

## મારી નોંધ :

મારી નોંધ :